# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 17-03-2025 Day : Monday Evening : 6.25 to 6.30pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## વિશિષ્ટ ખગોળીય ઘટના

કચ્છ જિલ્લામાં એક વિશિષ્ટ ખગોળીય ઘટના નોંધાઈ છે. કચ્છના આકાશમાં વહેલી સવારે 3 વાગીને 12 મીનીટે અચાનક તેજસ્વી પ્રકાશ જોવા મળ્યો હતો. કેટલીક ક્ષણો માટે એવો તેજપુંજ સર્જાયો કે જાણે દિવસ ઊગી નીકળ્યો હોય તેવું દ્રશ્ય સર્જાયું હતું.

આ ઘટના વિવિધ વિસ્તારોમાં સીસીટીવી કેમેરાઓમાં પણ કેદ થઈ હતી. ફૂટેજમાં આકાશમાંથી તારો તૂટતો હોય અથવા ઉલ્કા પડતી હોય તેવો દ્રશ્યો જોવા મળ્યો હતો. આ અસામાન્ય ઘટનાએ લોકોમાં ભારે કુતુહલ સર્જ્યું છે. ત્યારે જાણીતા ખગોળશાસ્ત્રી નરેન્દ્ર ગોર સાગરે આકાશવાણીને જણાવ્યું કે, ઉલ્કાનો મોટો ટુકડો પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશતા સળગ્યો હોવાનું અને આ દરમ્યાન તેના બે ટુકડા થયા હોવાનું જણાય છે.

બાઈટ.. ખગોળશાસ્ત્રી  નરેન્દ્ર ગોર ‘સાગર’

---------------------------------------------------------------------------------------

## આરટીઈ ઓનલાઈન ફોર્મ ભરવાની મુદતને લંબાવવામાં આવી

મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ હેઠળ બાળકોને ખાનગી શાળામાં નિ:શુલ્ક પ્રવેશ માટે હાલ ચાલી રહેલ પ્રક્રિયા હેઠળ વધુમાં વધુ બાળકો આરટીઈ યોજનાનો લાભ લઈ શકે તે માટે ઓનલાઈન ફોર્મ ભરવાની મુદતને 15મી એપ્રિલ સુધી લંબાવવામાં આવી છે. ઉપરાંત, સરકાર દ્વારા આરટીઈ એકટ હેઠળ પ્રવેશ માટે વાર્ષિક આવક મર્યાદા 6 લાખ સુધી કરવામાં આવી છે.

કચ્છમાં અત્યાર સુધી આરટીઈ યોજના માટે 4 હજાર 735 ઓનલાઈન ફોર્મ ભરાયા છે. જેમાંથી 3 હજાર 138 ફોર્મને મંજૂર કર્યા છે. 361 ફોર્મ રદ કરવામાં આવ્યા છે.

----------------------------------------------------------------------------------------------------

## ન્યાયસહાયક વિજ્ઞાન પ્રયોગશાળા ભુજ ખાતે મંજૂર

રાજ્યની સાતમી ન્યાયસહાયક વિજ્ઞાન પ્રયોગશાળા FSL ભુજ ખાતે મંજૂર કરાઇ છે. આ નવી કચેરીના બાંધકામ માટે 3 કરોડની પણ ફાળવણી કરી દેવામાં આવી છે. તથા 34 કર્મચારીઓના મહેકમ અને તેના પગાર માટે બજેટ પણ ફાળવી દેવાયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વિસ્તારની દ્રષ્ટીએ વિશાળ એવા કચ્છ જિલ્લામાં વધતી જતી ગુનાખોરીની ઘટનાઓને અંકુશમાં લેવા તથા પોલીસની કામગીરીની સરળતા માટે વર્ષ 2010માં બે એસપી કચેરીઓ પૂર્વ કચ્છ અને પશ્ચિમ કચ્છ અસ્તિત્વમાં આવી હતી. અને હવે ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા મંજુર થતા પોલીસને વૈજ્ઞાનિક ઢબે ગુનાખોરી નાથવામાં મદદ મળશે. હાલ અમદાવાદ, સુરત, જૂનાગઢ, વડોદરા, વલસાડ અને રાજકોટમાં ન્યાયસહાયક વિજ્ઞાન પ્રયોગશાળા આવેલી છે.

---

## જમીન રી સર્વે-માપણીની કામગીરી

ગુજરાતના ૧૮,૦૪૬ ગામોમાં જમીન રી સર્વે-માપણીની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. જેમાં ગામોના ક્લસ્ટર બનાવીને ખેડૂતોની હાજરીમાં જમીન માપણીની અરજીઓનો નિકાલ કરવામાં આવે છે. આજે વિધાનસભા ગૃહમાં ધારાસભ્ય દ્વારા પૂછાયેલા પ્રશ્નનો મહેસૂલ વિભાગવતી ઉત્તર આપતાં મંત્રી બલવંતસિંહ રાજપૂતે વધુમાં ઉમેર્યું હતું કે બાકી રહેલી અરજીઓના નિકાલ માટે ગામોના ક્લસ્ટર બનાવીને માઇક્રો પ્લાનિંગથી પૂર્ણ કરવાની કામગીરી પ્રગતિમાં છે. જે બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે. આ અરજીઓનો નિકાલ કરવા માટે ખેડૂતો પાસેથી કોઈ પણ પ્રકારનો ચાર્જ લેવામાં આવતો નથી.

---

## નર્મદા યોજના સિંચાઈ વ્યવસ્થાનો વ્યાપક વિસ્તાર

નર્મદા યોજના અંતર્ગત સિંચાઈ વ્યવસ્થાનો વ્યાપક વિસ્તાર અંગે મંત્રી ઋષિકેશ પટેલે આ અંગેની માહિતી આપી હતી. 31 ડિસેમ્બર, 2024ની સ્થિતિએ પાટણના સાત તાલુકાઓમાં 2,02,064 હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ મળી રહ્યો છે.જ્યારે કચ્છ શાખા નહેર દ્વારા 24 હજાર 22 હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ મળે છે. મંત્રીએ જણાવ્યું કે નર્મદા યોજના હેઠળ નક્કી કરાયેલા સમગ્ર કમાન્ડ વિસ્તારને સિંચાઈની સુવિધા પૂરી પાડવામાં આવી છે.

---

## શાળા-કોલેજમાં પરીક્ષાની મોસમ

ધોરણ 10 અને 12ની બોર્ડની પરીક્ષા પૂર્ણ થયા બાદ હવે શાળા-કોલેજમાં પરીક્ષાની મોસમ પુરબહારમાં ખીલી ઉઠશે. કચ્છ યુનિવર્સિટીમાં 22 માર્ચથી પરીક્ષાનો ધમધમાટ શરૂ થવાનો છે, તો પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં એપ્રિલનાં પ્રથમ પખવાડિયા સુધી પરીક્ષાની કામગીરી આટોપી લેવાય તે પ્રકારનું આયોજન ઘડાઈ રહ્યું છે તો કચ્છ યુનિવર્સિટીમાં 22 માર્ચથી અલગ અલગ તબક્કામાં સ્નાતક અને અનુસ્નાતકની વિવિધ પરીક્ષા લેવામાં આવશે..

---------------------------------------------------------------------------------

## નખત્રાણા

નખત્રાણા પંથકમાં રાયડો, ધાણા અને ઘઉં જેવા મુખ્ય પાકો હવે પાકવા લાગ્યા છે. અને તેમને સમયસર કાપવા માટે ખેડૂતો મશીનરી અને મજૂરો સાથે વ્યસ્ત બન્યા છે.

નખત્રાણા તાલુકાના ગ્રામ્ય વિસ્તારો દેવપર, સાંયરા, અંગિયા, ધાવડા, પલીવાડ, ભડલી, થરાવડા, વિથોણ પંથકમાં ઘઉંના વાવેતર બાદ જમીન હરિયાળી બની ગઇ હતી. હાલ પાક તૈયાર થઇ જતાં આ વિસ્તાર સોનેરી બની ગયો છે. રવિ પાકની કાપણી માટે છેક, પંજાબથી આવેલા આધુનિક મહાકાય હાર્વેસ્ટર યંત્રોનો ધમધમાટ પણ જોવા મળી રહ્યો છે.

---------------------------------------------------------------------------------

## <u>હવામાન</u>

કચ્છમાં ગરમી ઘટવાની સાથે મહત્તમ તાપમાનનો પારો નીચે સરક્યો છે. જિલ્લામાં માર્ચ મહિનાના પ્રારંભ સાથે ગરમી વધવાની સાથે મહત્તમ પારો ઉંચકાયો હતો. જો કે, શુક્રવારથી ગરમીમાં ઘટાડો થવાની સાથે પારો નીચે સરકતાં લોકોને રાહત થઇ છે. હવામાન વિભાગે સપ્તાહ દરમ્યાન તાપમાનમાં કોઇ મોટા ફેરફારની શક્યતા નહિવત હોવાનું જણાવ્યું છે.

કંડલા એરપોર્ટ મથકે 36.6 ડિગ્રીએ સ્થિર થયો હતો. જ્યારે જિલ્લા મથક ભુજમાં પણ પારો ઉતરીને 36.1 ડિગ્રી અને નલિયામાં 35.2 ડિગ્રીએ પહોંચ્યો હતો. જો કે રાત્રિનું તાપમાન 17.5 ડિગ્રી રહેવાની સાથે નલિયા રાજ્યનું સૌથી ઠંડું મથક રહ્યું હતું.

---------------------------------------------------------------------------------------